# " મિચ્છામિ દુક્કડં " કહેવાથી ગુનો માફ થઈ શકે?

કર્મોના ફળોને તો ભોગવીને જ ખપાવી શકાય - સમાપ્ત કરી શકાય. પુણ્યકર્મો હોય તો સુખ અને પાપકર્મો હોય તો દુ:ખ ભોગવવું પડે. કર્મનો આવો અટલ-અફર નિયમ છે.

આપણે કોઈનો અપરાધ કરીએ અને પછી કહીએ કે મિચ્છામિ દુક્કડં - મને માફ કરો. આપણે તો માફી માંગી પણ સામાએ "માફી આપી" એમ કહ્યું? આ તો આપણે માની લીધું કે મેં માફી માંગી એટલે મળી ગઈ! અને કદાચ સામેની વ્યકિત કહે કે "માફી આપી", તો તે તેણે હૃદયથી કહ્યું છે? કે ખાલી દેખાદેખી, કે સમાજમાં ખરાબ ન દેખાય તે માટે, કે પોતાની ખૂબ ઉદારતાના પ્રદર્શન માટે કહ્યું છે? અને ધારી લઈએ કે તેણે સાચા મનથી માફી આપી છે, તો તેથી કાંઈ કર્મનો નિયમ આપણને છોડી દેશે? કદી નહિ છોડે.

"ક્ષમા માંગુ છું", અને "ક્ષમા આપુ છું" એમ કહેવામાત્રથી જો બધાંયનું બધું જ ક્ષમા થઈ જતું હોય તો સૌનો મોક્ષ થવામાં વાર કેટલી? ગુનો કરીને ક્ષમા માંગવાથી ક્ષમા મળી જતી હોય તો તેથી તો ગુનેગારને પ્રોત્સાહન ન મળે? માની લઈએ ક્ષમા આપનારની પોતાની ઉદારતાના કારણે તેનું પોતાનું તો કલ્યાણ થતું હશે પરંતુ ક્ષમા માંગીને માફી મેળવનાર તો ગુના કરવાનું ઉત્તેજન પામીને અકલ્યાણમાં જ ઘસડાય ને? આ રહસ્ય ખૂબ વિચારવા જેવું કહેવાય!

ખૂન કરીને ફાંસીની સજા પામેલ ગુનેગાર, સરકારની માફી માંગે તેથી કાંઈ સરકાર તેને માફ કરી દે છે? કોઈ અપવાદ સિવાય કદિ નહિ આપણા ઘરમાં કોઈ ચોરી કરે તેને આપણે માફ કરી દઈએ તો પણ તે સરકારની દૃષ્ટિએ - કાયદાની દૃષ્ટિએ ગુનેગાર ગણાય છે.

ધાર્મિક અને ઉદાર વ્યકિત પોતાના ગુનેગારને માફી આપી શકે છે પણ ધાર્મિક વ્યકિત દ્વારા ક્ષમા પામેલ ગુનેગાર પછી તો અધાર્મિક અને અનઉદારનો અપરાધ કરવા પણ લલચાય છે. અને ત્યારે તેનું આવી બને છે. "કરડયા વિનાનો ફૂંફાડો" રાખવાથી, ગુનો કરવાના લાલચુને બચાવી શકવાની સંભાવના ખરી.

હિંસા-અહિંસા અને સ્થૂળ-સૂક્ષ્મ કર્મોના અટલ-અફર નિયમોના અટપટા રહસ્યોને સમજવા માટે ખૂબ ચિંતન-મનન થવું ઘટે, કર્મોના ગહન નિયમો અને જગતની અગમ્ય રચના માટે નેતિનેતિ જ કહેવું પડે. પણ પુરુષાર્થ પાંગળો નથી, તેના દ્વારા જરૂર કાંઈક મેળવી શકાય છે.

"મારા અપરાધ ક્ષમા કરો" એમ કહેવાથી સામી વ્યકિતએ આપણા અપરાધ ક્ષમા કરી દીધા કે નહિ તેની તો આપણને ખબર નથી, પરંતુ "હું તમને ક્ષમા કરું છું" એમ કહેવાથી એ તો નક્કી થઈ ગયું કે "મેં તને ક્ષમા આપી દીધી, મારા તરફથી હવે તને બદલાનો ભય નથી. પણ કર્મના અટલ નિયમ મુજબ તારું શું થશે તેની ખબર મને નથી. મારા અધિકારની વાત હતી એટલું તો હું કરી ચૂકયો." અને આટલું કરવું એ તો મોક્ષસીડીના પ્રથમ પગથિયે પગ મૂકવા બરાબર છે.

ક્ષમા આપ્યા સિવાય ક્ષમા માંગવાનો અધિકાર પણ નથી. ક્ષમા આપવાની ઉમદા ભાવનામાં ઘણો મોટો ત્યાગ અને ઉદારતા રહેલા છે. અને આવી ઉદારતાનો જે દિવ્ય આનંદ તે તો જેણે માણ્યો હોય તે જ જાણે; તે આનંદ જ તેનું રોકડું ફળ છે. ક્ષમા માંગવામાં સંપૂર્ણ માન-અભિમાન નિચોવી નાખવું પડે છે. પછી મન-મગજ એવું હળવું ફૂલ થઈ જાય છે કે તેનો અલૌકિક સ્વાદ તો જેણે ચાખ્યો હોય તે જ જાણે! આ સ્વાદ એટલે જાણે આ જ જન્મમાં મોક્ષઝલકની અનુભૂતિ.

નિરાભિમાનપણાનો ગુણ કેળવવા માટે ક્ષમા માંગવાની છે; પરંતુ જો સાવધાન ન રહીએ તો, તે થકી જ અભિમાનમાં વૃધ્ધિ થાય, અને પાખંડ પોષાય.

ઉદારતાનો ગુણ કેળવવા માટે ક્ષમા આપવાની છે. પણ જો અસાવધાન રહીએ તો, તે થકી જ દંભનો દાવાનળ જાગે અને સદ્‌ગુણ સઘળા ભાગે.

સો રૂપિયા આપી શકું અને પાંચ-પચીસ રૂપિયા ન આપી શકું? અપરાધની માફી આપી શકું અને બીજી

સહાયતા ન આપી શકું? જો બીજી સહાય ન આપી શકું તો એનો મતલબ એ કે દંભ અને આત્મવંચનામાં ઘેરાઈ ગયો છું!

"હોજમાં સૌ દૂધનો જ લોટો રેડવાનું છે, હું એક પાણીનો લોટો રેડીશ તો ક્યાં ખબર પડવાની?" સૌએ એમ જ વિચાર્યું અને તેથી ખાલી હોજ દૂધના બદલે પાણીથી જ છલ્લંછલ્લા થઈ ગયો! પણ "બીજા ભલે પાણી રેડે, મારે તો દૂધ જ રેડવું છે", જો એમ સૌ વિચારે તો હોજમાં દૂધ ડેકા દે!

"બીજાઓ મને માફ કરે કે ન કરે પણ મારે તો સૌને માફી આપવી જ છે" જો સૌ એવો નિર્ણય કરે તો માફી માંગ્યા વગર જ સૌના અપરાધ ક્ષમા થઈ જાય. પણ, વો દિન કહાં કિ મીયા કે પૈરમેં જૂતિયાં?!

**કહની મિસરી ખાંડ હૈ, કરની તત્તા લોહ;**
**કહની કહે ઔર રહની રહે, ઐસા વિરલા કોક.**

ક્ષમા આપવાનો અને માંગવાનો વહેવાર તો મનુષ્યો સાથે થાય છે, પશુ-પક્ષીઓ અને અન્ય જિવજંતુઓ નથી તો માફી માંગી શકતા કે નથી માફી આપી શકતા. મનુષ્યથી નિમ્ન કોટીના જીવો કે જેઓ માફી માંગવાનું કે આપવાનું કાંઈ જ જાણતા-સમજતા નથી, પણ આવું બધુ જણવાનો દાવો કરનાર અને પોતાને અન્ય જીવજંતુઓથી ઉત્તમ સમજનાર મનુષ્ય પણ અન્ય જીવોને ક્ષમા બક્ષે છે? અને બક્ષે છે તો કેવી રીતે બક્ષે છે? અબોલ અનંત જીવોને ખૂબ સુખ-શાંતિ પહોંચાડીને જ તેમની ક્ષમા માંગી શકાય અને તેમના રુણમાંથી ઉરુણ થઈ શકાય. અબોલ જીવજંતુઓએ તો મનુષ્યની માફી માંગવાનો કોઈ પ્રશ્ન જ નથી, કારણ કે તેમણે મનુષ્યને કાંઈ જ નુકસાન પહોંચાડ્યું નથી, મનુષ્યના અપરાધ કરવાને તે શકિતમાન જ નથી. તેથી કેવળ પર્યુષણ પર્વોમાં જ નહિ પરંતુ જીવનભર તેમને સુખશાંતિ આપવાનો પ્રયત્ન કરીને તેમને પણ મિચ્છામિ દુક્કડં આપીએ અને તે રીતે આપણું જ કલ્યાણ કરીએ.

સાધર્મિક એટલે સદ્ગુણોનો પૂજક, પ્રચારક અને પાલક. સદ્ગુણો-સદ્ભાવનાઓ કોઈ જાતિ, કોમ કે સંપ્રદાયના નથી પણ તેનું જે પાલન કરે તેના છે. હું પાલન કરું છું તેથી તે સદ્ગુણ નહિ પરંતુ તે સદ્ગુણ છે તેથી હું પાલન કરું છું; આવી સમજ હોવી ઘટે.

સાધર્મિકજનોનો-સદ્ગુણી મનુષ્યોનો ખૂબ વધારો થાય એમ આપણે ઇચ્છીએ છીએ. તો તે માટે કેવળ સાધર્મિકોના જ સહાયક-હમદર્દ ન રહેતાં આપણી હમદર્દી-સહાયનો હાથ અસાધર્મિક ગણાતા તરફ પણ લંબાવીએ. આ, મિચ્છામિ દુક્કડંનો જ અતિ સૂક્ષ્મ પ્રકાર છે અને સાધર્મિકોની વૃધ્ધિ કરવાનો અમોઘ ઉપાય છે.

"અમુક સદ્ગુણો તો અમારા જ, અમારા સંપ્રદાયનાજ" એમ કહી સદ્ગુણોને કૂપમંડૂપતાના અંધારીયા ઓરડામાં ગુંગળાવી ન મારીએ, એ રીતે તેના વિકાસને રૂંધી ન નાખીએ, તેના વિસ્તારને ચિમળાવી ન મારીએ, તેના ફળને કળી અવસ્થામાંથી છેદી ન નાખીએ. તો જ સાધર્મિકપણાનો વિકાસ શીઘ્ર સાધી શકાશે. સાધર્મિકપણાનો વિકાસ એટલે ઇચ્છીએ છીએ કે તેથી બહુજનહિતાય-બહુજનસુખાયને પ્રાપ્ત કરી શકાય. સૌના સુખ સાથે જ આપણું સુખ સંકળાયેલું છે તે રહસ્યને કોમ, સંપ્રદાય કે દેશકાળની વાડની આડમાં વિસરાવી ન દઈએ.

આવી સતત જાગૃતિ રાખનારને માટે તો બારે માસ પર્વ જ - પર્યુષણ પર્વ જ છે. પવિત્ર રહેવાની અને પવિત્ર કરવાની પ્રવિણતા જે પમાડે તે પર્વ. પર્વની આવી પવિત્ર વ્યાખ્યાને ઘૂંટીએ.